INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૪-૨-૨૦૨૫**

- **ગૌતમ અદાણીની કંપની ઉપર મોદી સરકાર વધુ એકવાર મહેરબાન. – મનહર પટેલ**
- **દેશની રાષ્ટ્રીય સુરક્ષાના ભોગે અદાણીને પાકીસ્તાન સીમા પર ૪૪૫ ચો.કીમી જમીન ફાળવીને મોદી સરકારે સિદ્ધ કર્યુ "દેશ નહી,અદાણી ફસ્ટ"**
- **ભારતના સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ કહે છે ભારતીય સીમાના ૧૦ કીમી હદમા કોઇ ખાનગી પેઢીને વપરાશ માટે જમીન ફાળવી ન શકાય...-મનહર પટેલ**
- **નિવૃત લેફ.જનરલ કહે છે કે ભાજપાના ચેરમેનવાળી લોકસભાની સ્ટેંડીંગ કમીટીના અહેવાલોને મોદી સરકાર ઘોળીને પી જાય છે. - મનહર પટેલ**

લંડનનુ પ્રસિદ્ધ અખબાર ગાર્ડીયન એક અહેવાલ પ્રસિદ્ધ કરે છે કે ગુજરાતની ભુમિ ઉપર વેપારી અદાણીની માંગણીને ગુજરાત સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ મુકી, ભારત – પાકિસ્તાન સીમાના ૧કીમી મા ૩૦ ગીગા વોટ સૌર ઉર્જા અને પવન ઉર્જા ઉત્પાદન માટે અદાણી કંપનીને ૪૪૫ ચો.કીમી જમીન મોદી સરકારે ફાળવી. ગુજરાત સરકારની આ અંગે રાજ્યસભામા વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ શ્રી મલ્લીકાર્જુન ખરગે અને લોકસભામા સાંસદ શ્રીમતિ પ્રિયંકા વાડરા ગાંધીએ મોદી સરકારને સવાલ કર્યો કે આ લંડનના અખબારમા પ્રસિદ્ધ થયેલ સમાચાર સાચા છે કે ખોટા ? ભારતના સંરક્ષણના પ્રોટોકોલ અને કાયદા મુજબ ભારત સરકાર ચીન,બાગ્લાદેશ,પાકીસ્તાન,મ્યાનમાર અને નેપાળની સીમાથી ૧૦ કીમી ની હદમા કોઇ ખાનગી પેઢીને જમીન ફાળવી શકે નહી આમ છતા અંદાણીને ૪૪૫ ચો.કી જમીન પાકીસ્તાન સીમાની એક કીમીની હદમા ફાળવી દીધી છે, જવાબ આપો..

ગાર્ડીયનના અહેવાલ મુજબ આ અંગે ભારત સરકારના ડિફેન્સ મિનિસ્ટ્રીના અધિકારીઓએ વિરોધ નોંધાવ્યો હોવા છતા મોદી સરકારે કાયદાને અવગણીને અને ભારતની સુરક્ષાની ઐસી તૈસી કરીને આ નિર્ણય કર્યો છે, અને આ રીપોર્ટ ખોટો હોય તો મોદી સરકાર ગાર્ડીયન ઉપર પગલા ભરવા માંગે છે કે કેમ ?

ભારત સરકારના લશ્કરી અધિકારીઓએ તો વાંધા લીધા છે પરંતુ નિવૃત કર્નલ અજય શુકલા તેમજ નિવૃત લેફ.જનરલ અશોક મહેતા કહે છે કે આ ખતરનાક બાબત છે અને જો આ અહેવાલ સાચો હોય તો દેશની સુરક્ષા માટે ખુબ મોટા ભયસ્થાન ઉભા કરનારો છે.ભારતીય જનતા પાર્ટીના ચેરમેનવાળી લોકસભાની સ્ટેન્ડીંગ કમીટીનો રીપોર્ટ કહે છે ભારત પાસે આજે ૧૦ દિવસથી વધુ યુદ્ધ લડી શકીએ તેટલી યુદ્ધ સામગ્રી નથી, અને આ રીપોર્ટ ઉપર નિવૃત લેફ.જનરલ અશોક મહેતાએ કહ્યુ કે મોદી સરકાર આ સ્ટેડીગ કમીટીના રીપોર્ટને ધ્યાને લેતા નથી.જે તેના કરતા પણ વધુ ગંભીર બાબત છે, આવી સ્થિતિમા દેશની સરહદ ઉપર ૧ કીમી મા ૪૪૫ ચો કીમી જમીન કોઇ ખાનગી પેઢીને ફાળવી દેવાનો નિર્ણય રાષ્ટ્રીય સુરક્ષાના ગંભીર જોખમો ઉપસ્થિત કરનાર છે માટે દેશની સુરક્ષાને ધ્યાન રાખીને અદાણીને ફાળવવામા આવેલ ૪૪૫ ચો કીમી જમીન ફાળવણી રદ્દ કરવામા આવે.

તત્કાલિન મુખ્યમંત્રીશ્રી મોદીએ ૨૦૧૪ પહેલા અનેકવાર કોંગ્રેસની યુપીએ સરકાર સામે સર ક્રિક - રામ સેતુ - બાંગ્લાદેશી ઘૂસણખોરો - ભારતની સરહદમાં ચીનના ઘુસવા અંગેના રાષ્ટ્રીય સુરક્ષાના ગંભીર આક્ષેપો કર્યા હતા,હકીકત દેશ સામે આવી ગઈ કે સત્તાની ભુખ સંતોષવા ભાજપાના નેતાઓએ દેશની જનતાને કેટલી ભ્રમિત કરી હતી, અને ૨૦૧૪ થી મોદી સરકાર સત્તામા આવ્યા પછી આ અગીયાર વર્ષમા આ પૈકી એક પણ મુદ્દો પ્રધાનમંત્રીની જીભ ઉપર નથી આવ્યો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા શ્રી મનહર પટેલ જણાવ્યુ કે આજે દેશની તમામ સીમા ઉપર પાડોસી દેશોનો દુશ્મનભાવનો ડોળો મંડાયેલો છે ત્યારે મોદી સરકાર અદાણીને પાકીસ્તાન સીમાના નજીક ૧૦ કીમીની હદમા કાયદા સુરક્ષના પ્રોટોકોલ વિરુદ્ધ ૪૪૫ ચો કીમી જમીન ફાળવળીનો નિર્ણય દેશ માટે ઘાતક છે. તેની સાથે આ અંગે સંસદમા મોદી સરકાર પોતાનો રવૈયો સ્પષ્ટ કરે અને રાષ્ટ્રીય સુરક્ષના ભોગે કોઈપણ પગલુ કેન્દ્ર સરકાર ન ભરે તેવી માંગ કરી છે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ